# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે.**
2. **કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં આજે વડોદરાની ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના ત્રીજા પદવીદાન સમારોહ યોજાશે.**
3. **ડાંગ જિલ્લાના કિલાદ ખાતે રાજ્યના પ્રથમ અને વિશિષ્ટ વન વિજ્ઞાન કેન્દ્રનું લોકાર્પણ.**
4. **સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ આજે ભારેથી અતિભારે વરસાદની સંભાવના.**
5. **ચોથી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં પુરુષોમાં ધૈર્ય પરમાર અને મહિલાઓમાં ફ્રેનાઝ છિપીયાએ ખિતાબ જીત્યા.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 124મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત "ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક , આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઇલ ઍપ્લિકેશન સહિત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

---

# GATI SHAKTI CONVOCATION

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં આજે વડોદરાની ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના ત્રીજા પદવીદાન સમારોહ યોજાશે. કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ મુખ્ય અતિથિ તરીકે વર્ચ્યુઅલી જોડાશે.

વધુ માહિતી આપતા ગતિશક્તિ વિશ્વવિદ્યાલય- GSV ના કુલપતિ પ્રો. મનોજ ચૌધરીએ જણાવ્યું કે આ પદવીદાન સમારોહમાં વર્ષ 2025ના કુલ 194 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે ઉપરાંત, દરેક અભ્યાસક્રમમાંથી એક વિદ્યાર્થીને એકેડેમિક એક્સેલન્સ એવોર્ડ પણ એનાયત કરાશે.

**(બાઇટ: પ્રો.મનોજ ચૌધરી, કુલપતિ, GSV)**

ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય એ રેલવે મંત્રાલય હેઠળની એક કેન્દ્રીય વિશ્વવિદ્યાલય છે, જેની સ્થાપના 6 ડિસેમ્બર 2022ના રોજ સંસદના એક અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી. GSV સમગ્ર પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને આવરી લેવા આગળ વધી રહ્યું છે.

---

# MANSUKH MANDVIYA – GUJARAT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે અમદાવાદ અને રાજકોટ જિલ્લાના પ્રવાસે છે. તેઓ અમદાવાદ ખાતે સન્ડે ઓન સાયકલ કાર્યક્રમમાં જોડાશે . આ ઉપરાંત તેઓ 'ગુજરાત નઈ તાલીમ સંઘની સામાન્ય સભા, દ્વિવાર્ષિક સંમેલન અને રાજ્યકક્ષાની સંગોષ્ઠી કાર્યક્રમમાં ભાગ લેશે. જ્યારે સાંજે ચાર વાગ્યે તેઓ રાજકોટ ખાતે "ભૂમિવંદના સમારોહ" અને સાંજે છ વાગ્યે 'ઈમ્પીરિયા એવોર્ડ્સ' સમારોહમાં ઉપસ્થિત રહેશે.

---

# MANSUKH MANDVIYA – GUJARAT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે અમદાવાદ અને રાજકોટ જિલ્લાના પ્રવાસે છે. તેઓ અમદાવાદ ખાતે સન્ડે ઓન સાયકલ કાર્યક્રમમાં જોડાશે . આ ઉપરાંત તેઓ 'ગુજરાત નઈ તાલીમ સંઘની સામાન્ય સભા, દ્વિવાર્ષિક સંમેલન અને રાજ્યકક્ષાની સંગોષ્ઠી કાર્યક્રમમાં ભાગ લેશે. જ્યારે સાંજે ચાર વાગ્યે તેઓ રાજકોટ ખાતે "ભૂમિવંદના સમારોહ" અને સાંજે છ વાગ્યે 'ઈમ્પીરિયા એવોર્ડ્સ' સમારોહમાં ઉપસ્થિત રહેશે.

---

# DANG VAN VIGYAN

ડાંગ જિલ્લાના કિલાદ ખાતે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરાએ રાજ્યનું પ્રથમ અને વિશિષ્ટ વન વિજ્ઞાન કેન્દ્રનું લોકાર્પણ કર્યું. આ કેન્દ્રમાં એગ્રો ફોરેસ્ટ્રી, ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થાય તે માટે તેમજ ટકાઉ ખેતી માટે વન વિભાગ, ખેડૂતો અને સમુદાયોના સહિયારા પ્રયાસથી આદાન પ્રદાન થશે. પર્યાવરણ અને કૃષિને જોડતી આ એવી મજબૂત કડી થશે જ્યાં ખેડૂતોને વિવિધ તાલીમ અપાશે.

આ પ્રસંગે શ્રી બેરાએ જણાવ્યું હતું કે અહીં પ્રથમ વન ચેતના કેન્દ્ર સ્થાપીને ખેડૂતો તેમજ વન સંવર્ધકો પ્રત્યે પરસ્પર જ્ઞાનની આપ-લે થશે , સરકારની વનને લગતી યોજનાઓનું મૂલ્યાંકન કરાશે , લોકોને વન થકી કેવી રીતે આજીવિકા મળે અને આ વન આપણને કઈ રીતે વધારે ઓક્સિજન પૂરું પાડે તેનું મંથન થશે. આ કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂતો અને એગ્રો ફોરેસ્ટ્રી યોજનાના લાભાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

# DANG SARAS MELO

ડાંગના સાપુતારા ખાતે સરસ મેળો ખુલ્લો મુકવામાં આવ્યો. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી., ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા આયોજિત આ મેળાનું ઉદ્દઘાટન કેબિનેટ મંત્રી મુળુભાઇ બેરા તેમજ પ્રભારી મંત્રી કુંવરજી હળપતિના હસ્તે કરવામાં આવ્યું.

આ 'સરસ મેળો ' આગામી 17 ઓગસ્ટ સુધી ખૂલ્લો રહેશે. આ અંગે શ્રી હળપતિએ જણાવ્યુ કે આ મેળામાં 50 સ્વ-સહાય જુથની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ, કલાત્મક કારીગરીયુક્ત વસ્તુઓનું વેચાણ કરાશે.

## (બાઈટ : કુંવરજી હળપતિ, પ્રભારી મંત્રી)

---

## RUSHIKESH PATEL - MAHESANA

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ અને ઇનોવેશન મિશન અંતર્ગત **BHARAT NEXT** એક્સેલરેટરનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે **14** વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસીના બીજા તબ્બકા હેઠળ **20** હજાર રૂપિયાના ચેકનું વિતરણ પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, દેશનો યુવાન જોબ સીકર નહીં પણ જોબ ગિવર બને તે ધ્યેયને સાકાર કરવા અમૃત મહેસાણા મિશન મહત્વનું સાબિત થશે. શ્રી પટેલે મહેસાણામાં અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ મિશન હેઠળ ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવતા જણાવ્યું કે , સમગ્ર ઉત્તર ગુજરાતના સ્ટાર્ટઅપ માટે મહેસાણા મહત્વનું કેન્દ્ર બન્યું છે.

## (બાઇટ - આરોગ્ય મંત્રી, ઋષિકેશ પટેલ)

ઉલ્લેખનીય છે કે , **BHARAT NEXT** એક્સેલરેટર એ ભારતનું પ્રથમ જિલ્લા-સ્તરનું એક્સેલરેટર છે, જે ટાયર **2** અને ટાયર **3** શહેરોના યુવા ઉદ્યમીઓને તેમના સપનાઓને હકીકતમાં ફેરવવાની તક આપે છે. **12** અઠવાડિયાના આ હાઇબ્રિડ

કાર્યક્રમમાં 70 % ઓનલાઇન અને 30 % ઓફલાઇન પ્રવૃત્તિઓ છે જે ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોના ઉદ્યમીઓ માટે એક પ્લેટફોર્મ પૂરૂં પાડે છે.

---

# WEATHER FORECAST

સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ આજે ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. જ્યારે ઉત્તર , મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં અતિભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 29 જુલાઈ સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન માછીમારોને 30 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. તો , રાજ્યમાં ગઇકાલે 138 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસામાં સૌથી વધુ ચાર ઇંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે વલસાડના કપરાડામાં સાડા ત્રણ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્યના 26 તાલુકામાં ગઇકાલે એક ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 56 ટકાથી વધુ થયો છે.

---

# TABLE TENNIS

જામનગર ખાતે યોજાયેલી ચોથી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં અમદાવાદના ધૈર્ય પરમારે 46 વર્ષીય જિજ્ઞેશ જયસ્વાલને હરાવીને પુરુષોની

સ્પર્ધાનો ખિતાબ જીત્યો. 0-2થી પાછળ રહ્યા બાદ ધૈર્યએ જિજ્ઞેશ જયસ્વાલને 4-2થી હરાવ્યા હતા.

મહિલાઓની ફાઇનલ મેચ પણ રોમાંચક બની હતી જેમાં મોખરાના ક્રમના સુરતના ખેલાડી ફ્રેનાઝ છિપીયાએ અમદાવાદની ત્રીજા ક્રમની પ્રથા પવારને 4-3થી હરાવીને પોતાનો પ્રથમ ખિતાબ જીત્યો.

---

## ACCIDENT - VALSAD

વલસાડમાં પોલીસ હેડ ક્વાર્ટર નજીક ઝાડ પડતાં એક બાળકીનું મોત થયું છે. શાળાએથી પરત ફરી રહેલ 3 ભાઈ બહેન પર અચાનક ઝાડ પડતાં ત્રણે બાળકો ઝાડ નીચે દબાઈ ગયા હતા. જેમને તાત્કાલિક બહાર કાઢી સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં 10 વર્ષની બાળકીએ સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો હતો. જ્યારે અન્ય બે ની સારવાર ચાલી રહી છે.

---

## AMBAJI TOURIST

શક્તિપીઠ અંબાજી ધામમાં આવતા શ્રદ્ધાળુઓની વિશેષ તકેદારી માટે દાંતા ડિવિઝનના ASP સુમનનાલાએ એક વિશેષ બેઠક યોજી. જેમાં મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેકટર તેમજ તાલુકાના ઉચ્ચ અધિકારી , સરપંચ અને સ્થાનિક લોકો હાજર રહ્યા હતા. બેઠક બાદ પ્રવાસીઓની સુરક્ષા સાથે સલામતી માટે ખાસ ટુરિસ્ટ પોલીસની રચના કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત એક સમર્પિત એપ્લીકેશન પણ બનાવવામાં આવશે.

---

# RAHUL GANDHI ANAND

લોકસભાના વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં આણંદ નવનિયુક્ત જિલ્લા પ્રમુખો માટે ત્રણ દિવસીય પ્રશિક્ષણ શિબિરનો પ્રારંભ થયો. આ શિબિરમાં પ્રથમ દિવસે શ્રી ગાંધીએ માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત દૂધ સંઘોમાં અને દૂધ મંડળી સાથે કામ કરતા સહકારી આગેવાનો, સભાસદો, સાથે પણ શ્રી ગાંધીએ સંવાદ કર્યો હતો.

---